# ગજ્જર મીતને અપાયો વિશિષ્ટ સિદ્ધિ પુરસ્કાર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે કલોલ ખાતે ગુજરાત સરકારના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલના હસ્તે



ગજ્જર મીત ધર્મેશકુમારને વિશિષ્ટ સિદ્ધિ પુરસ્કાર એનાયત કરાયેલ.

જિલ્લાની સહયોગ વિદ્યાલયમાં ધો. ૬માં અભ્યાસ કરતા ગજ્જર મીતે 'મેન્ટલ એરિથમેટીક કોમ્પિટિશન' સ્પર્ધામાં જિલ્લા, નોર્થ ગુજરાત, ગુજરાત સ્ટેટ, નેશનલ લેવલે ઉત્તમ પર્ફોમન્સ બદલ તેને વિશિષ્ટ સિદ્ધિ પુરસ્કાર (પ્રશસ્તિપત્ર) આપી સન્માનિત કરવામાં આવેલ છે.

વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનાર ગજ્જર મીત અભ્યાસમાં પણ અવ્વલ જ છે. ગજ્જર મીતના માતા-પિતા ધર્મેશભાઈ તથા ગીતાબેન જિલ્લાની દહેગામ તાલુકાની રામાજીના છાપરા પ્રા. શાળામાં શિક્ષક દંપતિ નોકરી કરે છે. ગજ્જર મીતે તેને પુરસ્કૃત કરવા બદલ આભાર વ્યક્ત કરેલ છે.

# દહેગામ તાલુકા પંચાયતનું નવીન મકાન બનાવાશે

## રાજ્યના પંચાયત વિભાગે આપી વહીવટીય મંજૂરી : ૨ કરોડ ૪૦ લાખના ખર્ચે ગ્રીન બિલ્ડીંગના અભિગમ સાથે ત્રણ વર્ષમાં નવીન મકાનનું નિર્માણ કરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાની દહેગામ તાલુકા પંચાયતના નવા મકાનના બાંધકામની મંજૂરી રાજ્ય સરકારે આપી છે. રૂ. ૨ કરોડ ૪૦ લાખના ખર્ચે આ નવીન મકાનનું નિર્માણ કરવામાં આવશે.

દહેગામ તાલુકા પંચાયકતનું નવીન મકાન ગ્રીન બિલ્ડીંગના અભિગમને ધ્યાને રાખી તૈયાર કરવામાં આવશે.

રાજ્યના પંચાયત વિભાગે આ અંગે ૨૫ થી વધુ શરતો લાદી અને બાંધકામ માટેની વહીવટીય મંજૂરી આપી છે. આ સાથે ૨૫ ટકા રકમ પ્રથમ હપ્તા પેટે છુટી કરવાની સત્તા પણ વિકાસ કમિશ્નરશ્રીને આપી છે.

દહેગામ તાલુકા પંચાયતમાં સ્વભંડોળની આવક અન્ય તાલુકાઓના પ્રમાણમાં ઓછી છે. ત્યાં મામલતદાર કચેરીના નવિન મકાનના લોકાર્પણ પ્રસંગે આવેલ તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે પણ આ વાત જાણી અત્યંત નારાજગી વ્યક્ત કરી હતી અને તાલુકા પંચાયતના નવા મકાન માટે ઝડપથી દરખાસ્ત મોકલાશે તો સરકાર સાનુકૂળ પ્રતિસાદ આપશે તેવી હૈયાધારણા આપી હતી.

● અનુસંધાન પાના - ૭ પર





## દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ ''રંગ દે બસંતી' યોજાયો

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી સર્જન એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ૭૩મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે દેશભક્તિના ગીતોનો લાઈવ ઓરકેસ્ટ્રા કાર્યક્રમ ''રંગ દે બસંતી'' શનિવારે સાંજે સેક્ટ-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિપદે ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, અતિથિવિશેષ પદે મેયર રીટાબેન પટેલ, જિલ્લા સુરક્ષા સેતુના લાયઝન ઓફિસર પી.સી. વલેરા તથા શિવગન ઈન્ફ્રાટ્રેક ધોલેરાના ચેરમેન ગણપતભાઈ મંડા સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં અમદાવાદના જાણીતા સંગીતકાર દેવાંગ કોષ્ટિના ઓરકેસ્ટ્રા સંગીતના સથવારે ગાંધીનગરના ગાયક કલાકારોએ પરફોર્મન્સ આપ્યું હતુ જેને મોટી સંખ્યામાં દર્શકોએ માણ્યુ હતુ.

# આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી બંધ રહેશે

ગાંધીનગર, તા. ૧૮

આવતીકાલે તા. ૧૯-૮-૨૦૧૯ સોમવારના દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટી રાબેતા મુજબ પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવેલ છે. પરંતુ સદરહુ દિવસે સરદાર સરોવર ડેમના દરવાજા ખુલવાના હોય



જાહેર જનતા તે નિહાળી શકે તે માટે માત્ર સરાર સરોવર ડેમની મુલાકાત થઈ શકે તેવુ આયોજન ગોઠવવામાં આવેલ છે. પ્રવાસીઓ શ્રેષ્ઠ ભારત ભવન, સ્ટેચ્યુ હેલીપેડ, વેલી ઓફ ફલાવર ખાતે આવેલા ટીકીટ કાઉન્ટરો ઉપરથી રૂ. ૫૦ ની ટીકીટ માત્ર સરદાર સરોવર ડેમ માટે ખરીદીને વ્યુ પોઈંટ નં. ૧ સુધી જઈ શકાશે અને સરદાર સરોવર ડેમ નિહાળી શકાશે. જાહેર જનતાને આ વ્યવસ્થાનો લાભ લેવા મુખ્ય વહીવટદારશ્રી, સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફથી એક અખબારી યાદી મારફત અનુરોધ કરવામાં આવેલ છે.

# ઉવારસદમાંથી વરલી મટકાનો આંક લખતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર શહેરમાં એક તરફી શ્રાવણીઆ જુગારની મૌસમ પુરબહારમાં ખીલી છે. જુગારીઓ રાત્રીના સમયે તેમજ દિવસે જયાં ખુલ્લી જગ્યા મળે ત્યાં કુંડાળુ વળીને રમવા માટે બેસી જાય છે. ત્યારે કેટલાક નાગરીકો વરલી મટકાનો જુગાર પણ મોટીસંખ્યામાં રમતા હોય છે. ત્યારે ઉવારસદ બ્રહ્માણી માતાના મંદિર પાસે ભોપાજી શકરાજી ઠાકોર ઉંવ.૪૨ વરલી મટકાનો જુગારના આંક લખી રહ્યા છે તેવી બાતમી પોલીસને મળતા પોલીસે રેઈડ પાડી આંક લખેલી ચીઠી, મોબાઈલ ફોન તેમજ રોકડ મળીકુલ રૂ.૧૫૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી ભોપાજી ઠાકોર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સે-૨૩ તેજસ સોસાયટીમાંથી કારની ઉઠાંતરી

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ઘર પાસે રાત્રીના સમયે પાર્ક કરેલા વાહનો ચોરાઈ જાય છે. ખાનગી માલિકના તો ચોરાઈ જાય છે પરંતુ સરકારી વાહનો પણ ચોર ઈસમો છોડતા નથી. ત્યારે સેકટર-૨૩ તેજસ સોસાયટી પ્લોટ નં.૫૬૭-૨ ખાતે રહેતા અને સે-૨૧ ખાતે વિષ્ણુ આર્યન વર્કસ ખાતે દુકાન ધરાવતા વિષ્ણુભાઈ કેશવભાઈ પટેલ ની મારુતિ ફ્ન્ટી કાર નં. જી.જે.૧૮.એ.એ.૭૩૯૮ ગત તા. ૧૦ ઓગસ્ટના રોજ ઘર પાસે રાત્રીના સમયે પાર્ક કરી હતી. જયારે સવારે ઉઠીને જોયું તો મારુતી ફ્ન્ટી કાર ગાયબ હતી. થોડા દિવસ આસપાસના વિસ્તારમાં પોતાની રીતે તપાસ કર્યા બાદ કાર નહી મળી આવતા વિષ્ણુભાઈએ સે-૨૧ પોલીસ મથકમાં રૂ.૬૦ હજારની કિંમતની ગાડી ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડભોડા હોમગાર્ડઝ તથા પ્રાથમિક શાળા દ્વારા વૃક્ષારોપણ

ચિલોડા, તા. ૧૮

ડભોડા હોમગાર્ડઝ સબ યુનિટ તથા સાલુજીના મુવાડા પ્રાથમિક શાળા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. શાળાના પટાંગણમાં વૃક્ષો વાવી એક બાળ-એક વૃક્ષ વાવી જતન કરવાના શપથ લીધા હતા. આ પ્રસંગે ભાજપના અગ્રણી આઈ.બી. વાઘેલા, આચાર્ય વિક્રમસિંહ ચાવડા, હોમગાર્ડ કમાન્ડર દશરથસિંહ પરમાર તથા દિલિપસિંહ પરમાર ઉપસ્થિત રહી શાળાના બાળકોને વૃક્ષોનું મહત્વ સમજાવ્યું હતું.

# લેખન કાર્ય દ્વારા વિશિષ્ટ યોગદાન આપવા બદલ સંજય થોરાતનું સન્માન કરાયુ

ગાંધીનગર, તા. ૧૭

ભારતના ૭૩માં સ્વતંત્રતા પર્વની જિલ્લાકક્ષાની



ઉજવણી કલોલ ખાતે કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલના હસ્તો ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના વિવિધ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરી હોય તેવી વ્યક્તિ કે સંસ્થાઓને પુરસ્કૃત કરવામાં આવ્યાં હતા. કુલ ૨૫ વિવિધ કેટેગરીમાં એવોર્ડ અપાયા જેમાં ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતને જિલ્લાના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે હકારાત્મક લેખન દ્વારા સમાજસેવા કરવા બદલ શ્રેષ્ઠ લેખન ક્ષેત્રનો એવોર્ડ મહેસુલ મંત્રી કૌશિક પટેલ અને કલેક્ટર એસ.કે. લાંગાના હસ્તે આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે ડૉ. અનિલ પટેલ, પીઆઈ ડી.જી. ટુંડીયા, હેમા સાગર, તિર્થરાજસિંહ જાડેજા તેમજ મીત ગજ્જરને પણ એવોર્ડ અપાયા હતા. સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ, પૂર્વ પ્રમુખ ભરત કવિ, દોલત ભટ્ટ, ભાનુપ્રસાદ પુરાણીએ આ ઉપલબ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

# ૨૦મીએ કોંગ્રેસ દ્વારા વૃક્ષારોપણ થશે

ગાંધીનગર, તા. ૧૮

ભારતના દિવંગત વડાપ્રધાન ભારતરત્નશ્રી રાજીવ ગાંધીની ૭૫મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઓમ કોલેજ સંકુલ, મોટા ચિલોડા, તા.જિ. ગાંધીનગર ખાતે તા. ૨૦-૮-૧૯, મંગળવાર, સવારે ૧૧ કલાકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદરણીય અધ્યક્ષ અમિતભાઈ ચાવડાની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મંગુબેન ચૌધરી, ધારાસભ્યો સર્વ બલદેવજી ઠાકોર, સી.જે. ચાવડા, સુરેશભાઈ પટેલ સહિત જિલ્લા તેમજ પ્રદેશ કોંગ્રેસના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં 'વૃક્ષારોપણ કાર્યક્રમ' યોજવામાં આવ્યો છે.

# પેથાપુર સંજરી પાર્કની બાજુમાં બિલ્ડીંગના બીજા માળેથી મજુર પટકાતા મૃત્યુ

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર ખાતે નદી કિનારે આવેલા સંજરી પાર્કની બાજુમાં એક ઈમારતનું બાંધકામ કાર્યરત છે. આ બિલ્ડીંગના બીજા માળે કામ કરતો એક વીસ વર્ષિય કારીગર નારણ પરબત બારીયા નીચે પટકાયો હતો. નારણ બારીયાને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા સારવાર માટે લઈ જવાયો હતો. જયાં સારવાર દરમિયાન આ કારીગરનું મૃત્યું નિપજયું હતું. પોલીસે બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેરમાં પણ તાજેતરમાં બાંધકામ સાઈટ પર કામ કરતા મજુર નીચે પટકાતા મૃત્યુના બનાવ બન્યા હતા. છતા બિલ્ડર કે કોન્ટ્રાકટર દ્વારા મજુર કે કામ કરતા કારીગરની સલામતી માટે કોઈ પગલા ભરવામાં આવતા નથી. જયારે ઉંચાઈ પર કામ ચાલતુ હોય ત્યારે મજુર નીચે ના પટકાય તે માટે કેટલાક સ્થળો પર નેટ લગાવેલી નજરે પડતી હોય છે. પરંતુ તંત્રના નિયમો નેવે મુકીને બાંધકામ સાઈટો ચાલતી હોય છે.

# 'પ્લાસ્ટીક ફ્રી નેશન': ગુજરાતે અમલ કર્યો પણ લોકોએ સ્વિકાર્યો નહીં, હવે PM મોદીએ કહ્યું છે!

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાત દિવસના રૂપાળા અવસરે ૧લી મે ૨૦૧૬ના રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતને પ્લાસ્ટીક ફ્રી સ્ટેટ બનાવવાનો સંકલ્પ કર્યો હતો. તેમણે આ સંકલ્પ કર્યા પછી સાત દિવસ સુધી રાજ્યભરમાં પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા માટે ડ્રાઈવ શરૂ થઈ હતી પરંતુ તે માત્ર સંકલ્પને આધિન હતી. આજે સચિવાલયની બહાર શાકભાજી વેચતી લારીઓમાં બિન્દાસપણે પ્લાસ્ટીગની બેગનો ઉપયોગ થઈ રહ્યો છે. રાજ્યમાં વેપારીઓ ખુલ્લેઆમ કોથળીમાં ચીજવસ્તુઓ વેચી રહ્યાં છે. સંકલ્પ નિષ્ફળ જવાનું કારણ એ છે કે-- આટલા મોટા અભિયાન માટે સરકાર પાસે આવશ્યક સ્ટાફ નથી પરિણામે મુખ્યમંત્રીનો સંકલ્પ લોકો સુધી પહોંચી શક્યો નથી. વેપારીઓને તો તેમની ચીજવસ્તુ વેચવી છે. ગ્રાહકોને ઘરે થી થેલી લાવતા શરમ આવે છે. સરકારની આ યોજના ત્યારે જ સફળ બનશે જ્યારે ખુદ ગ્રાહકો પ્લાસ્ટીકની બેગ લેવાનો ઈન્કાર કરશે. હવે આ અભિયાન માટે આશાનું કિરણ નરેન્દ્ર મોદી બન્યા છે. તેઓ ગુજરાતની જનતા માટે બ્રાન્ડ એમ્બેસેડર છે. દિલ્હીના લાલ કિલ્લા પરથી તેમણે કહ્યું કે— દેશની જનતાએ સ્વેચ્છાએ પ્લાસ્ટીકનો વપરાશ બંધ કરવો જોઈએ. એવું લાગી રહ્યું છે કે ગુજરાતની જનતા હવે આ અભિયાનને સ્વેચ્છાએ ઉપાડી લેશે.

## ગુજરાતમાં ભાજપ પાસે ૧.૬૫ કરોડ કરતાં વધુની સભ્યસંખ્યા છે; સાચા-ખોટા રામ જાણે

**દેશનો ચાઇલ્ડ મેરેજ એક્ટ બદલવો પડશે...**

પ્રોહિબિશન ઓફ ચાઈલ્ડ મેરેજ એક્ટ પ્રમાણે ભારતમાં ૧૮ વર્ષથી નાની છોકરી અને ૨૧ વર્ષથી ઓછી ઉંમરનો છોકરો લગ્ન કરી શકતા નથી અને જો તે કરે તો બાળલગ્નનો ગુનો બને છે. હવે તો બાળલગ્ન જ નહીં યુવાલગ્ન પણ થતાં નથી. એક રસપ્રદ શંશોધન એવું થયું છે કે ભારતમાં ડિજીટલ યુગની સાથે લગ્નની વય ૨૮ વર્ષ સુધી પહોંચી છે. સરકારના સત્તાવાર આંકડા પ્રમાણે ભારતમાં એવરેજ મેરેજ એજ ૨૪.૧ જોવા મળી છે, જે સ્પેનમાં ૩૩.૪ વર્ષે પહોંચી છે. જ્યારે ઈટાલીમાં ૩૨.૮ વર્ષ, જર્મનીમાં ૩૨.૨ વર્ષ અને યુકેમાં ૩૧.૬ વર્ષ છે. જાપાનમાં લોકો સરેરાશ ૨૯.૭ વર્ષે, યુએસમાં ૨૮ વર્ષે અને રશિયામાં ૨૬.૨ વર્ષે લગ્ન કરે છે. ભારતમાં બાળલગ્નોનું પ્રમાણ તો ઘટ્યું છે પરંતુ સાથે સાથે મેરેજ એજ પણ વધતી જાય છે. આમ થવાનું કારણ ઉચ્ચ અભ્યાસ અને કારકિર્દી છે. સમજુ યુવક કે યુવતિ જ્યાં સુધી ઉચ્ચ ડીગ્રી મેળવ્યા પછી કેરિયરમાં સેટ ન થાય ત્યાં સુધી લગ્નનો વિચાર પણ કરતા નથી. વસતી ગણતરીના એક અધિકારીએ હસતાં હસતાં કહ્યું કે— દેશના ચાઈલ્ડ મેરેજ એક્ટમાં લગ્ન કરવાની વયને બદલવી પડે તેવી સ્થિતિ છે.

**કોંગ્રેસ માટે ગુજરાત ખાલી થઇ રહ્યું છે...**

ગુજરાત કોંગ્રેસ માટે માઠા સમાચાર એવા છે કે રાજ્યમાં કોંગ્રેસમાં જોડાવા માટે કોઈપણ સમાજના અગ્રણી કે પ્રોફેશનલ બાકી બચ્યાં નથી. ગુજરાતમાં કોંગ્રેસની મુસ્લિમ વોટબેન્ક પણ ધીમે ધીમે ખતમ થઈ ચૂકી છે. ભાજપમાં જોડાનારા સમૂહોમાં મુખ્યત્વે પાટીદારો, ઠાકોર સમાજ, ઓબીસી, એસટી અને એસસી ઉપરાંત સવર્ણોમાં બ્રાહ્મણ, જૈન અને ક્ષત્રિયનો સમાવેશ થાય છે. સચિવાલયમાં પર્સનલ કામ અર્થે આવેલા કોંગ્રેસના એક ધારાસભ્યએ કહ્યું હતું કે અમારી વોટબેન્ક ઘસાઈને શૂન્ય લેવલ સુધી આવી જશે પછી અમારા સિનિયર નેતાઓ મેમ્બરશીપ ડ્રાઈવ શરૂ કરશે. ભાજપે છલ્લે ગુજરાતી ફિલ્મ કલાકારો, સંગીતકારો અને ગાયકોને પાર્ટીમાં સામેલ કર્યા છે. ગુજરાતની જનતા ભાજપને નહીં મોદીને પ્રેમ કરે છે. સમાજમાં ઉચ્ચકોટીનો વર્ગ કહેવાતા ૪૧ ખ્યાતનામ ડોક્ટરોએ પણ ભાજપનો કેસરી ખેસ ધારણ કર્યો છે. લોકસભાની ચૂંટણી પહેલાં અને પછી ભાજપે તેનું સંગઠન વધારે મજબૂત બનાવવા માટે સભ્યપદ નોંધણી ઝૂંબેશ શરૂ કરીને તેનો ૫૦ લાખનો ટારગેટ પૂર્ણ કર્યો છે. ભાજપનો દાવો છે કે તેમની પાસે ૧.૬૫ કરોડ સભ્યો છે—સાચા-ખોટા રામ જાણે... કહેવાય છે કે પાર્ટી પાસે રાજ્યના ૩ કરોડ કરતાં વધુ લોકોનો ડેટા મોજૂદ છે.

**ગુજરાતના કેદારનાથ પ્લાસ્ટીક ખાઇ રહ્યાં છે...**

એક કેદારનાથ મહાદેવ ઉત્તરાખંડમાં છે અને બીજા કેદારનાથ મહાદેવ ગુજરાતમાં છે. બહું ઓછા લોકો જાણે છે કે બનાસકાંઠા જિલ્લાની હદમાં આવેલા જેસોર વન્ય અભ્યારણ્યમાં કેદારનાથ મહાદેવ આવેલા છે. ખૂબજ પવિત્ર એવી આ નયનરમ્ય જગ્યામાં પ્રવાસીઓ આવે છે અને પ્લાસ્ટીકનો કચરો અભ્યારણ્યમાં ઠાલવતા જાય છે. ચોમાસાની સિઝનમાં વહેતા ઝરણાંઓ સાથે કેદારનાથ પર્વત લીલોતરી અને પાણી વચ્ચે શોભી ઉઠે છે પરંતુ જ્યાં જુઓ ત્યાં પ્લાસ્કીટનો કચરો નજરે પડે છે. અભ્યારણ્યમાં પ્લાસ્ટીક પર પ્રતિબંધ છે તેવા સાઈન બોર્ડ લગાવ્યા છે ત્યાં પ્લાસ્ટીકનો કચરો ભેગો થાય છે. વહેતા ઝરણામાં પ્લાસ્ટીકની થેલીઓ અને પડીકાં વહી રહ્યાં છે. રીંછ અને દિપડાની આ સેન્ચ્યુરીમાં જંગલી પ્રાણીઓ પણ પ્લાસ્ટીકના પ્રદૂષણના કારણે તેમનો મૂળ વિસ્તાર બદલી રહ્યાં છે. શ્રાવણ માસ હોવાથી પ્રવાસીઓનો આ જગ્યાએ ધસારો જોવા મળે છે પરંતુ વન્ય વિભાગના કર્મચારીઓ ફરજ પર નહીં હોવાથી પ્લાસ્ટીકનો કચરો આ પર્વતો પર જમા થઈ રહ્યો છે. મહાદેવના મંદિરમાં પણ પ્લાસ્ટીકનું પ્રદૂષણ ભયજનક હદ સુધી વધી રહ્યું છે.

## ભારતને મળેલા બે રત્નોમાં સામ્યતા-એક હતા ઇન્દિરા ગાંધી અને બીજા છે નરેન્દ્ર મોદી



**ગુજરાતમાં આટલું બધું દૂધ ક્યાંથી આવે છે...**

પશુપાલન સાથે સંકળાયેલા ભાજપની સરકારની એક પૂર્વ મંત્રીએ આશ્ચર્ય સાથે કહ્યું છે કે— ગુજરાતમાં જેટલું દૂધ ઉત્પાદન થઈ રહ્યું છે તેટલું પશુધન ગુજરાત પાસે નથી તેમ છતાં આપણે ગૌરવ અનુભવી રહ્યાં છીએ. હકીકતમાં સફેદ દૂધનો કાળો કારોબાર ગુજરાતમાં ચાલી રહ્યો છે. નકલી દૂધ બનાવતા નરબંકાઓ ઉત્તરપ્રદેશ અને બિહારની જેમ ગુજરાતમાં પણ પેદા થયા છે. નકલી દૂધનો કાળો કારોબાર લોકોના આરોગ્ય સાથે ચેડાં કરીને ૪૦૦૦ કરોડનો બિઝનેસ કમાવી આપે છે. માત્ર ૧૫ રૂપિયામાં તૈયાર થતું નકલી દૂધ માફિયાઓ બજારમાં વેચીને રોજની ૧૦ કરોડની આવક પેદા કરી રહ્યાં છે. એટલું જ નહીં વધુ દૂધ ઉત્પાદન કરવા માટે પશુપાલકો તેમના પશુઓને પ્રતિબંધિત ઓકિસટોસીનના ઈંજેક્શન આપી રહ્યાં છે. નકલી દૂધમાં યુરિયા, કપડાં ધોવાનો પાઉડર, શેમ્પુ, પામોલિન તેલ, મમરા સહિતની અનેક ચીજવસ્તુઓ વાપરવામાં આવે છે. આશ્ચર્ય સાથે અમૂલ ડેરી વર્ષે પાંચ લાખ લિટર દૂધ રિજેક્ટ કરે છે. રાજ્યમાં ૬૮ લાખ ગાયો છે અને ૫૩ લાખ ભેંસો છે. સરકારી આંકડા પ્રમાણે ગુજરાત ૧૩૫,૬૯,૦૦૦ ટન દૂધ ઉત્પાદન કરે છે. આટલા પશુધન સામે દૂધ ઉત્પાદનના આંકડાનું ગણિત માંડવામાં આવે તો ખબર પડશે કે હયાત પશુઓ સામે દૂધ ઉત્પાદનના આંકડા માન્યામાં આવે તેમ નથી. રાજ્યમાં એકપણ પશુપાલક એવો નથી કે જે તેમના પશુઓને સાત્વિક અને આરોગ્યપ્રદ ખોરાક ખવડાવતો હોય.

**એક હતા ઇન્દિરા અને એક છે મોદી...**

રાજનીતિનો ઈતિહાસ બે મહાનુભાવોને હંમેશા યાદ કરશે. આ બન્ને મહાનુભાવોની કાર્યપદ્ધતિમાં ઘણી સામ્યતા છે. એક મહાનુભાવ કોંગ્રેસમાં હતા અને તેમને દુનિયા ઈન્ડિયાના નામથી ઓળખતી હતી. આજે ભાજપમાં એવા મહાનુભાવ છે કે જેમને દુનિયા ઈન્ડિયાના નામથી ઓળખે છે. કોંગ્રેસના ઈન્દિરા ગાંધીના શાસનમાં એવું કહેવાતું હતું કે ઈન્ડિયા એટલે ઈન્દિરા. આજે છેલ્લા સાડા પાંચ વર્ષથી કહેવાય છે કે ઈન્ડિયા એટલે મોદી. આ બન્ને નેતાઓએ રાજકીય ઈતિહાસ લખ્યો છે. બન્ને પાર્ટીની વિચારધારા અલગ છે પરંતુ બન્ને નેતાઓની કાર્યશૈલી અને કારકિર્દીમાં ઘણું મોટું સામ્ય છે. ઈન્દિરા ગાંધીની બ્યુરોક્રેસી પર પક્કડ વધારે મજબૂત હતી. બ્યુરોક્રેસીમાં તેમના માનિતા ઓફિસરોને પ્રાઈમ પોસ્ટીંગ હતા. તેણીને જ્યારે પીએમ પદ માટે પ્રોજેક્ટ કરવામાં આવ્યા ત્યારે પાર્ટીમાં તોફાઈ શરૂ થઈ ગયું હતું. ખરા સમયે સિક્સર મારવાની તેમની આદત હતી. કોઠાસુઝથી દેશનું શાસન ચલાવ્યું હતું. ઈન્દિરા ગાંધીના પ્રસંશકો કરોડોની સંખ્યામાં હતા. ઈન્દિરાના દુશ્મનો સૌથી વધારે હતા, વિરોધીઓ તેણીના વહીવટને હિટલરશાહી તેમજ આપખુદશાહી માનતા હતા. ઈન્દિરાએ પાર્ટીની ઉપરવટ જઈને અનેક ફેસલા આપ્યા હતા. સાશન દરમ્યાન પાર્ટીના વિરોધીઓનો સામનો કર્યો હતો. લોકોને ગમે કે ના ગમે- નિર્ણયશક્તિમાં અડગ રહ્યાં હતા. ઈન્દિરા ગાંધી દેશના રાજ્યોમાં મુખ્યમંત્રીઓને પ્રિય હતા. આજે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે પણ આવું જ કહેવામાં આવે છે...

## પીળાં કેળાં જોઇને બજારમાંથી ખરીદી લાવીએ છીએ પરંતુ જાણો તેમાં ક્યા કેમિકલ છે

**કેળાં ખાવા સારા, પણ પકાવટ જોખમી...**

શ્રાવણના તહેવારોની સાથે બજારમાં મળતાં કેળાં ઉપરથી પીળાં દેખાય છે પરંતુ અંદરથી બેસ્વાદ અને કાચા હોય છે. સામાન્ય રીતે બજારમાં મળતાં કેળાં ઘરે લાવ્યા પછી બીજા કે ત્રીજા દિવસે બગડી જાય છે કારણ કે આ કેળાં કેમિકલથી પકવવામાં આવે છે. કાચા કેળાંને કેમિકલના દ્રાવણમાં ડૂબાડીને સૂકવી દેવામાં આવે છે. રાજ્યમાં ઝેરીલા કેળાંનો કારોબાર ૧૦૦૦ કરોડ રૂપિયાનો છે. ફળ અને શાકભાજીને પકવવા માટે પ્રતિબંધિત ઓક્સિટોસીન, હિટ કુલાન, અનુગોર, રોગોર, મિલકુલાન બ્લૂમ, રેગાપેન તેમજ રનટેક્સનો ઉપયોગ થાય છે. ભારત સરકારનો કાનૂન હોવા છતાં વેપારીઓ ખુલ્લેઆમ પ્રતિબંધિક કેમિકલ્સ ફળ અને શાકભાજીમાં વાપરી રહ્યાં છે. ગુજરાતમાં વર્ષોથી કેળાંને પકવવા માટે કેમિકલનો ઉપયોગ થઈ રહ્યો છે છતાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ચેકીંગ કરવામાં આવતું નથી. આ વિભાગના અધિકારીઓ માત્ર બગડેલા ફ્રુટનો નિકાલ કરે છે પરંતુ લેબોરેટરીમાં ચેકીંગ કરાવતા નથી. આપણને ૧૨ કલાકમાં પીળાં થઈ જતાં કેળાં સારા લાગે છે. કેમિકલ યુક્ત ફળો ખાવાથી કેન્સર, મગજના રોગો, ચામડીના રોગ, બ્લડપ્રેશર અને સ્યુગરની બિમારી થાય છે તેવી ચેતવણી છતાં લોકો આરામથી કેળાં ખાય છે. કેરળ રાજ્યમાં મળતાં લવિંગ કેળાં એકમાત્ર ખાવા યોગ્ય હોય છે કારણ કે તે બે થી ત્રણ દિવસમાં આપોઆપ પાકી જાય છે અને અંદરથી ખરાબ નિકળતા નથી. યાદ રાખવા જેવું છે કે- ફળ કે શાકભાજી ખેડૂત નહીં વેપારીઓ દૂષિત કરી રહ્યાં છે. ગુજરાત એ કેળાના ઉત્પાદનમાં તામિલનાડુ પછી બીજાક્રમે આવે છે. ગુજરાતમાં ૪૫૩૨.૪૯ મેટ્રીક ટન કેળાનું ઉત્પાદન થાય છે.